## એઆઇસીઆરપી ઓન વીડ મેનેજમેન્ટ યોજના, આ.કૃ.યુ., આણંદ તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજના સંયુક્ત ઉપક્રમે "પ્રાકૃતિક કૃષિમાં નીંદણ વ્યવસ્થાપન" વિષય પર તાલીમ કાર્યક્રમ યોજાયો

એઆઇસીઆરપી ઓન વીડ મેનેજમેન્ટ યોજના, આ.કૃ.યુ., આણંદ તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજના સંયુક્ત ઉપક્રમે માન. કુલપતિશ્રી ડો. કે.બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ "પ્રાકૃતિક કૃષિમાં નીંદણ વ્યવસ્થાપન" વિષય પર તા.૨૬.૦૨.૨૦૨૪ ને સોમવારના રોજ કેવિકે, દેવાતજ ખાતે તાલીમ કાર્યક્રમ યોજાયો. જેમાં ડો. વી.જે.પટેલ, વિભાગીય વડા (એગ્રોનોમી), બી.એ.સી.એ., આ.કૃ. યુ., આણંદ, શ્રી ડી. ડી. ચૌધરી અને શ્રી સાજીદભાઇ, એઆઇસીઆરપી ઓન વીડ મેનેજમેન્ટ યોજના, આ.કૃ.યુ., આણંદ તેમજ આણંદ જિલ્લાના કુલ ૫૦ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. વાય.સી.લકુમ દ્વારા સર્વેના શાબ્દિક સ્વાગત બાદ પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યુ જેમાં તેઓએ વિવિધ કૃષિ પાકોમાં પ્રાકૃતિક ખેતી અને તેનાં આયામો વિષે ખેડૂતોને માહિતગાર કર્યા. ડો. વી.જે. પટેલ દ્વારા વિવિધ પાકોમાં જોવા મળતા નીંદણોનો પરીચય, તેમનું વર્ગીકરણ અને ફેલાવો તેમજ પાકમાં તેના દ્વારા થતા નુકશાન વિષે માહિતી આપી હતી. વધુમાં, તેઓએ ગાજરઘાસ જેવા હાનીકારક નિંદામણો તેમજ તેના દ્વારા મનુષ્ય અને પાલતુ પશુઓના સ્વાસ્થ્ય પર થતી ઝેરી અસરો વિષે અને છાણીયુ ખાતર બનાવવાની અસરકારક પધ્ધતિ દ્વારા નિંદણોનો ફેલાવો થતાં અટકાવવા માટે વિસ્તૃત ચર્ચા કરી. શ્રી ડી. ડી. ચૌધરીએ વિવિધ નીંદણો દ્વારા જમીનની ફળદ્રુપતા પર અસર અને જલીય નિંદણો દ્વારા થતી આડઅસરો વિષે વિગતવાર માહિતી આપી તેમજ નીંદણોનો ફેલાવો અટકાવવા સર્ટીફાઇડ બીજનો ઉપયોગ કરવા જણાવ્યુ તેમજ પ્રાકૃતિક કૃષિમાં વિવિધ પ્રકારનાં આચ્છાદન અને તેના મહત્વ વિષે જણાવ્યુ. ડો. આર.એમ.પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા પાકૃતિક કૃષિમાં પાક સંરક્ષણ પધ્ધતિ (નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, દશપર્ણી અર્ક) વિષે માહિતી આપી અને મીલીબગનો ફેલાવો કરતા તેમજ તેને આશ્રય આપતા ગાજરઘાસને દુર કરવા જણાવ્યુ.

આ કાર્યક્રમનાં અંતિમ ચરણમાં ઉપસ્થિત સર્વે વૈજ્ઞાનિકો અને તાલીમાર્થીઓ સાથે જુથ ચર્ચા કર્યા બાદ સર્વેનો આભાર વ્યક્ત કરી તાલીમનું સમાપન કરવામાં આવ્યુ.

# <u>તાલીમ કાર્યક્રમની ઝાંખીઓ</u>










